**પાંચ તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ**

# સુરત જિલ્લામાં 31 જુલાઈ સુધી અંબિકામાં ૯૯ ઈંચ વરસાદ

**અંબિકામાં** સામાન્ય કરતાં ૧૫૯.૭૩ ટકા વરસાદ નોંધાયો

**માંડવી,** અરેઠ અને ચોર્યાસીમાં વરસાદ હજુ સરેરાશથી ઓછો

સુરતઃ સુરત જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન વરસાદે અનેક વિસ્તારોમાં નવા રેકોર્ડ સર્જ્યા છે. ૩૧ જુલાઈ સુધીના આંકડા મુજબ જિલ્લામાં સૌથી વધુ વરસાદ અંબિકા તાલુકામાં ૯૯ ઈંચ નોંધાયો છે, જે સિઝનના સામાન્ય વરસાદના ૧૫૯.૭૩ ટકા જેટલો છે. જિલ્લાના કુલ ૧૨ તાલુકામાંથી સાત તાલુકાઓમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાતા ચોમાસું સરેરાશ કરતાં વધુ સક્રિય રહ્યું હોવાનું સ્પષ્ટ થાય છે.

**સુરત જિલ્લાના તાલુકાવાર વરસાદ**

| તાલુકા | વરસાદ (ઈંચ) | સિઝનની ટકાવારી(%) |
|---|---|---|
| અંબિકા | 99.00 | 159.73 |
| અરેટ | 36.88 | 60.62 |
| બારડોલી | 66.72 | 110.39 |
| ચોર્યાસી | 36.00 | 68.55 |
| કામરેજ | 70.92 | 118.91 |
| મહુવા | 63.36 | 95.83 |
| માંડવી | 34.44 | 56.61 |
| માંગરોળ | 45.92 | 79.34 |
| ઓલપાડ | 49.80 | 114.14 |
| પલસાણા | 83.48 | 138.03 |
| સુરત | 63.84 | 109.09 |
| ઉમરપાડા | 86.60 | 107.71 |

સિઝનની ટકાવારીના આધારે જોઈએ તો અંબિકા બાદ તાલુકા બાદ પલસાણામાં ૧૩૮.૦૩ ટકા, વરસાદ નોંધાયો છે. એટલે કે આ તાલુકાઓમાં ચોમાસાની સરેરાશ વરસાદી મર્યાદા જુલાઈ પૂર્ણ થાય તે પહેલાં જ વટાવી દેવામાં આવી છે. બીજી તરફ મહુવામાં ૯૫.૮૩ ટકા, માંગરોળમાં ૭૯.૩૪ ટકા, ચોર્યાસીમાં ૬૮.૫૫ ટકા, અરેઠમાં ૬૦.૬૨ ટકા અને માંડવીમાં ૫૬.૬૧ ટકા વરસાદ નોંધાતા આ તાલુકાઓમાં હજુ સામાન્ય સિઝનના વરસાદની સરખામણીએ ઓછો વરસાદ થયો છે. જુલાઈ મહિનાના અંતિમ સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદ, ઉપરવાસમાં થયેલા વરસાદ અને નદીઓમાં વધેલા પ્રવાહના કારણે જિલ્લાના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. અનેક ગામોમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાની સાથે નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર પણ કરવું પડ્યું હતું.

# અભિજીત દિપકેનાં પિતા સામે સુરતમાંથી RTI થઈ

**સુરતના** એક RTI કાર્યકર્તાએ ચૂંટણી પંચ અને વેરા વિભાગને પત્ર લખી અભિજીત દીપકેના પિતાના નાણાકીય વ્યવહારોની તપાસની માગ કરાઇ

નવી દિલ્હી, તા. ૨ઃ સુરત સ્થિત એક માહિતી અધિકાર(RTI) કાર્યકર્તાએ 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના સ્થાપક અભિજીત દીપકેના પિતાના નાણાકીય વ્યવહારોની તપાસ કરવાની માંગ કરી છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે મહારાષ્ટ્ર સરકારના નિવૃત્ત કર્મચારી એવા પિતાએ તેમના પુત્રના વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે ભંડોળ કેવી રીતે પૂરું પાડ્યું.

RTI કાર્યકર્તા અમિત તિવારીએ ચૂંટણી પંચ અને કર સત્તાધિકારીઓને પત્ર લખીને સીનિયર એડવોકેટ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલ દ્વારા પોલીસ કેસનો સામનો કરી રહેલા CJP ના વિરોધકર્તાઓ માટે જાહેર કરવામાં આવેલા રૂ. 1 કરોડના કાનૂની રક્ષણ ભંડોળની તપાસ કરવાની માંગ કરી છે. તિવારીએ અભિજીત દીપકેના પિતા ભગવાનરાવ દીપકે નિવૃત્ત સરકારી કર્મચારી હોવા છતાં તેમના પુત્રના વિદેશમાં ઉચ્ચ શિક્ષણનો ખર્ચ કેવી રીતે ઉઠાવ્યો, તે સંદર્ભે તેમની નાણાકીય સ્થિતિની તપાસની માંગ કરી હતી. આ ઉપરાંત, તિવારીએ CJP ના સ્થિતિ અંગે સવાલ ઉઠાવતા પૂછ્યું હતું કે શું આ સંસ્થા રાજકીય પક્ષના નામે કામ કરીને ભંડોળ મેળવી શકે છે કે કેમ?

તિવારીએ જણાવ્યું હતું કે, "કોકરોચ જનતા પાર્ટી એ એક અપ્રમાણિત (અનરજિસ્ટર્ડ) સંસ્થા છે પરંતુ તે રાજકીય પક્ષ તરીકે કામ કરી રહી છે. જો તેના કાનૂની બચાવ ભંડોળ માટે રૂ. 1 કરોડ આપવાની જાહેરાત કરવામાં આવી હોય, તો ચૂંટણી પંચે ચકાસણી કરવી જોઈએ કે શું CJP લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 ની કલમ 29A હેઠળ નોંધાયેલી છે કે નહીં."

# પાલ કોટનની ચૂંટણીમાં પ્રમુખપદે ભાજપના કાંતિભાઈ પટેલનો વિજય

**ખેડૂત** સમાજના પ્રમુખ જયેશ પાલ અને ભાજપના બળવાખોર નરેશ પટેલનો કારમો પરાજય

**મોડીરાતે** મતગણતરી ચાલુ,ભાજપ પ્રેરિત પેનલ 18 બેઠકો પર ક્લીન સ્વીપ તરફ

સુરત : પાલ ગ્રુપ કો-ઓપરેટિવ કોટન સેલ સોસાયટીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં રવિવારે મોડી રાતે ચાલી રહેલી મતગણતરીમાં ભાજપ પ્રેરિત પેનલ પ્રચંડ જીત તરફ લીડ લઈ રહી છે.

આ લખાય છે ત્યાં સુધી મળેલા પરિણામોમાં પાલ કોટનના પ્રમુખપદ માટે યોજાયેલા ત્રિપાંખીયા જંગમાં ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવાર કાંતિ ઉર્ફે કિશનભાઈ પટેલે 1,679 મત મેળવી પોતાના નજીકના પ્રતિસ્પર્ધી એવા ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ (પાલ)ને 440 મતના અંતરથી પરાજિત કરી ભવ્ય વિજય મેળવ્યો છે.

જયેશ પટેલ (પાલ)ને 1,239 મત મળ્યા હતા, જ્યારે પાલ કોટનના વર્તમાન પ્રમુખ અને ભાજપ પ્રેરિત પેનલ સામે બળવો કરી ઉમેદવારી નોંધાવનાર નરેશ પટેલ (ભેસાણ)ને 786 મત મળતાં તેમનો કારમો પરાજય થયો છે.પાલ કોટનની આજ રોજ યોજાયેલી 18 બેઠકની ચૂંટણીમાં 85.63% જેવું જંગી મતદાન થયું હતું.કુલ 4483 મત માંથી 3839 મતદારોએ મતદાન કર્યું હતું.એ પૈકી 117 મત અમાન્ય જાહેર થયા હતા.

પાલ ગ્રુપ કો-ઓપરેટિવ કોટનની કુલ ૨૦ બેઠકોમાંથી ભાજપ પ્રેરિત પેનલની બે બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ હતી, જ્યારે બાકીની 18 બેઠકો પર પણ કાંતિ ઉર્ફે કિશન પટેલની આગેવાની હેઠળની ભાજપ પ્રેરિત પેનલે મોડી રાતે સારી એવી સરસાઈ સાથે આગળ રહી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, વર્તમાન પ્રમુખ નરેશ પટેલ પોતાની પેનલ સાથે મતગણતરી પૂર્ણ થાય તે પહેલાં જ મતગણતરી કેન્દ્ર છોડી નીકળી ગયા હતા.પરિણામો સ્પષ્ટ બનતાં હરીફ જૂથમાં નિરાશા જોવા મળી હતી.બીજી તરફ સતત્ બીજી વારની ચૂંટણીમાં સુરત શહેરી વિસ્તારના મત જયેશ પાલ ને નહીં મળતા એ મતો કિશન પટેલને ભાજપ સંગઠનના જોરે મળતા તેઓનો વિજય થયો હતો.

આ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલને જીતાડવા માટે પૂર્વ મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ અને ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ સક્રિય ભૂમિકા ભજવી હતી.

# વરસાદ અટકતાં જ તાપમાનમાં સાડા ચાર ડિગ્રીનો વધારો

**સુરત** જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું, માત્ર ઉમરપાડા અને બારડોલીમાં નોંધપાત્ર વરસાદ

સુરત : સુરત જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદ બાદ હવે વરસાદનું જોર ઘટતું જોવા મળી રહ્યું છે. રવિવારે જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં સામાન્યથી હળવો વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉમરપાડા અને બારડોલી તાલુકામાં પ્રમાણમાં વધુ વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસ જિલ્લામાં સામાન્ય વરસાદી વાતાવરણ રહેશે અને હાલ કોઈ પ્રબળ વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી અતિભારે વરસાદની શક્યતા ઓછી છે. જિલ્લામાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ 23 મીમી અને બારડોલીમાં 20 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે માંડવી અને મહુવામાં 7-7 મીમી, પલસાણામાં 5 મીમી, ઓલપાડ, સુરત શહેર અને કામરેજમાં 3થી 4 મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. અરેઠમાં 3 મીમી અને અંબિકા વિસ્તારમાં 2 મીમી વરસાદ વરસ્યો હતો. બીજી તરફ માંગરોળ અને ચોર્યાસી તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો. ભારે વરસાદમાં હાલ મળેલા વિરામની અસર તાપમાન પર પણ જોવા મળી રહી છે.

જિલ્લામાં મહત્તમ તાપમાનમાં અંદાજે સાડા ચાર ડિગ્રીનો વધારો નોંધાતા તે 30.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. લઘુત્તમ તાપમાન પણ વધીને 24.1 ડિગ્રી નોંધાયું હતું. જોકે હવામાં ભેજનું પ્રમાણ હજુ પણ ઊંચું રહેતાં 95 ટકા નોંધાયું હતું, જેના કારણે બફારાનો અનુભવ થયો હતો.

## ઉત્રાણના MD ડ્રગ્સ કેસમાં વોન્ટેડ સપ્લાયર ઝડપાયો

સુરત : ઉત્રાણ પોલીસે મુન ગાર્ડન પાછળના ગેટ પાસેથી કેતન ઉર્ફે વકીલ મનસુખ પટેલને 3.79 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ દરમિયાન ડ્રગ્સનો જથ્થો કોસાડ આવાસમાં રહેતા મુસ્તકીમ ઉર્ફે મેમે પાસેથી મેળવ્યો હોવાનું બહાર આવ્યું હતું. આ માહિતીના આધારે અમરોલી પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. વનાર તથા પીઆઈ એસ.બી. વસાવાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે વોચ ગોઠવી હતી. એએસઆઈ મહાવીરસિંહ સુરેન્દ્રસિંહ અને હેડ કોન્સ્ટેબલ કરણસિંહ ચંદ્રસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે કોસાડ આવાસ ખાતે દરોડો પાડી મુસ્તકીમ ઉર્ફે મેમે હમીદ દિવાન (ઉ.વ. 31)ને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સામે અગાઉ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં દારૂબંધી કાયદા હેઠળ તેમજ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયો છે.

# અડાજણ રહેતી BBAની વિદ્યાર્થિનીએ જીવન ટૂંકાવ્યું

**પરિવારે મુંબઈ ભણવા જવાની** મંજૂરી ન આપતાં માઠું લાગી આવ્યું

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતી અને અઠવાલાઇન્સ સ્થિત સાર્વજનિક કોલેજમાં BBAના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી 18 વર્ષીય વિદ્યાર્થિનીએ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીને મુંબઈમાં ઉચ્ચ અભ્યાસ માટે જવાની ઇચ્છા હતી, પરંતુ પરિવારે મંજૂરી ન આપતાં માઠું લાગી આવતાં તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ મહેસાણા જિલ્લાના વતની રાજુભાઈ પટેલ હાલ અડાજણના વિસ્તારમાં આવેલા અર્થ બિલ્ડિંગમાં પત્ની, એક પુત્ર અને 18 વર્ષીય પુત્રી નેન્સી સાથે રહે છે. તે હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજુભાઈની 18 વર્ષીય પુત્રી નેન્સી અઠવાલાઇન્સ સ્થિત સાર્વજનિક કોલેજમાં BBAના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. શનિવારે બપોરના સમયે નેન્સીએ ઘરના બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત નીપજ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, નેન્સીને મુંબઈમાં જઈને અભ્યાસ કરવાની ઇચ્છા હતી. જોકે, પરિવારે તેને મંજૂરી આપી નહોતી. આ બાબતનું માઠું લાગી આવતાં તેણે આઘાતજનક પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે અડાજણ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# કૌટુંબિક બહેને જ યુવતીને દેહવ્યાપારમાં ધકેલી દીધી

**પરિવારે** ત્યજેલી યુવતીને આશરો લેવાનું ભારે પડ્યું

**ફાર્મહાઉસના** માલિકો સહિત 8 સામે ગુનો નોંધાયો

**ઉત્રાણ** પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ માતા પિતા સાથે અણબનાવ બનતા ફોઈની દીકરી પાસે રહેવા આવેલી 26 વર્ષીય યુવતીને દેહવ્યાપારના ધંધામાં જબરદસ્તી ધકેલી દેવામાં આવી હતી, વિવિધ સ્થળોએ લઈ જઈ અનેક પુરુષો સાથે તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરવામાં આવતી હતી અને તેની આડમાં આરોપીઓ કમિશન વસૂલતા હતા. મૂળ બોટાદની 26 વર્ષીય યુવતીને પોતાના માતા-પિતા સાથે નાની નાની બાબતોમાં ઝઘડા થતા હોવાથી પરિવારજનોએ તેને ફોઈની દીકરી કરીના ઉર્ફે કાજલ (રહે. કામરેજ માનસરોવર સોસાયટી) સાથે રહેવા મોકલી આપી હતી. જોકે, સગી બહેન સમાન કરીના અને તેના લીવ-ઈન પાર્ટનર ગોવિંદ સતવારાએ માસૂમ યુવતીની લાચારીનો ગેરફાયદો ઉઠાવ્યો હતો. તેઓ યુવતીને કઠોર-વેલંજા રોડ પર આવેલી રાધેક્રિષ્ના સોસાયટીના ઘર નં. ૧૩૨માં લઈ ગયા હતા, જ્યાં રાજુભાઈ કાંતિભાઈ ભંડેરી અને તેની પત્ની વર્ષાબેન ભંડેરી ગેરકાયદેસર કૂટણખાનું ચલાવતા હતા.માલિક રાજુભાઈ અને વર્ષાબેન બહારથી અલગ-અલગ પુરુષ ગ્રાહકો પાસેથી રૂ. ૧૫૦૦ થી ૨૦૦૦ કમિશન પેટે વસૂલી યુવતી પાસે દેહવ્યાપાર કરાવતા હતા અને તેના બદલામાં કરીનાને માત્ર રૂ. ૫૦૦ આપતા હતા. યુવતી ના પાડતી હોવા છતાં તેને રોજ એક્ટિવા પર જબરદસ્તી કૂટણખાને મૂકી જવામાં આવતી હતી. સતત શારીરિક શોષણને કારણે યુવતીને ગુપ્ત ભાગેથી લોહી નીકળવા લાગતાં તેને હોસ્પિટલ ખસેડવી પડી હતી. છતાં નરાધમોએ તેને 'તારો ખર્ચો ક્યાંથી કાઢવો' તેમ કહી ધમકાવીને પુણા, ભેસ્તાન, ઉધના, સચિન, પાંડેસરા અને સાયણ જેવા વિસ્તારોમાં મરજી વિરૂદ્ધ દેહવ્યાપારમાં ધકેલી હતી.અંતે યુવતી ભાગી છૂટતા ઉધના રેલવે સ્ટેશન ખાતે ઉષાબેન ઉર્ફે ભયાણીના સંપર્કમાં આવી હતી, જેમણે તેને આશરો આપ્યો હતો. ત્યારબાદ તેણે વકીલ અને ઓળખીતાની હાજરીમાં ઉત્રાણ પોલીસ સમક્ષ વિગતવાર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદનું ઈ-સાક્ષ્ય એપ્લિકેશન મારફતે વિડિયોગ્રાફી પણ કરવામાં આવી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

### ફાર્મ હાઉસ અને અર્ટીગા કારમાં પણ આચરાયું દુષ્કર્મ

આરોપી રાજુભાઈ ભંડેરી પોતાની અર્ટીગા કાર (GJ-05-JU-4115) માં બેસાડી યુવતીને ઓલપાડના સુમસામ વિસ્તારોમાં લઈ જઈ બળાત્કાર ગુજારતો હતો અને કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. આ ઉપરાંત ઓલપાડ, અટોદરા ચોકડી સ્થિત જી.પી.એસ. ફાર્મ તથા ગ્રીન વિલા ફાર્મ હાઉસના માલિક મુકેશ માવાણી અને કુલદીપ નામના ઈસમો પાસે પણ યુવતીને મોકલી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

### બીજી મહિલાને ત્યાં આશરો લીધો તે પણ એવી જ નીકળી, સૃષ્ટિવિરૂદ્ધનું કૃત્ય પણ કરાયું

યુવતીએ દેહવ્યાપાર કરવાનો ઇનકાર કરતાં તા. ૧૧/૦૪/૨૦૨૬ના રોજ ફોઈની દીકરી કરીના ઉર્ફે કાજલનું ઘર છોડી દીધું હતું. ત્યારબાદ ગોવિંદની માનેલી બહેન આશુબેનના સંપર્કમાં આવતા તેણે અમરોલીમાં પોતાના મિત્રના ઘરે આશરો આપ્યો હતો. જોકે, ત્યાં પણ આશુબેને યુવતીને બે-ત્રણ વખત ઓલપાડના કારેલી ફાર્મહાઉસમાં દેહવ્યાપાર માટે લઈ ગઈ હતી. એક પ્રસંગે અજાણ્યા પુરુષે યુવતીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું અને આશુબેને તેના બદલામાં રૂ. ૨,૦૦૦ લીધા હતા. યુવતીએ વારંવાર દેહવ્યાપાર કરવાનો ઇનકાર કરતાં આશુબેને રહેવું હોય તો આ કામ કરવું જ પડશે, નહીં તો પોતાની વ્યવસ્થા કરી લેવાની ધમકી આપતા,અંતે કંટાળીને યુવતીએ તમામ આરોપીઓ સામે પુણા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.

### પોલીસ અરજી કરતાં જાનથી મારી નાખવાની ધમકી

ચુંગાલમાંથી છૂટેલી યુવતીએ હિંમત કરીને પૂણા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. આ વાતની જાણ થતાં જ મુકેશ માવાણી, રાજુભાઈ ભંડેરી અને વર્ષાબેન ભંડેરીએ તેને અમરોલી ચાર રસ્તા ખાતે બોલાવીને "ફરિયાદ પાછી ખેંચી લે, નહીંતર તારો અતોપતો નહીં મળે અને ખોટા હનીટ્રેપના કેસમાં ફિટ કરાવી જેલમાં સડાવી દઈશું" તેવી ધાક-ધમકી આપી હતી.

**યુવતીને દેહવ્યપારમાં ધકેલનાર ૮ સામે ફરિયાદ** : **(૧)** કરીના ઉર્ફે કાજલ તે અશરફ હૈદરભાઈ ચુડેસરાની પત્ની તથા અયુબભાઈ હબીબભાઈ ગાંજો ની (દિકરી ઉ.વ.૨૭ ધંધો. બ્યુટી પાર્લર રહે.ઘર નં.એ/૯/૩૧૪, માનસરોવર સોસાયટી, કામરેજ ટોલ નાકાની પાસે,કામરેજ) **(૨)** ગોવિંદ (ફાયનાન્સર) (બંને રહે.ઘર નં.એ/૯/૩૧૪, ત્રીજા માળે, માનસરોવર સોસાયટી, કામરેજ ટોલનાકા પાસે) **(૩)** રાજુભાઈ કાંતિભાઈ ભંડેરી ( ઉ.વ.૩૮ધંધો.ડ્રાઈવીંગ રહે.ઘર નં.૧૩૮ રાધે ક્રિષ્ના સોસાયટી, રંગોલી ચોકળીની બાજુમાં, કઠોર રોડ વેલંજા સુરત શહેર મુળવતન.ઘોઘાવદર ગામ તા.ગોંડલ જી.રાજકોટ) **(૪)** વર્ષાબેન તે રાજુભાઈ કાંતિભાઈ ભંડેરીની પત્ની (ઉ.વ.૩૫ધંધો.ઘરકામ રહે.ઘર નં.૧૩૮ રાધે ક્રિષ્ના સોસાયટી, રંગોલી ચોકળીની બાજુમાં, કઠોર રોડ વેલંજા સુરત શહેર મુળવતન.ઘોઘાવદર ગામ તા.ગોંડલ જી.રાજકોટ) **(૫)** મુકેશ માવાણી (ગ્રીન ફાર્મ હાઉસમાં દુષ્કર્મ કરનાર) (રહે. ગ્રીન હાઉસ ફાર્મ, કારેલી) **(૬)** કુલદીપ ( રહે.જે.પી.એસ, હોમ્સ, અડોદરા ચોકડી, ઓલપાડ) **(૭)** મુકેશ (ફાર્મ હાઉસમાં દુષ્કર્મ કરનાર) (રહે.જે.પી.એસ, હોમ્સ, અટોદરા ચોકડી, ઓલપાડ) **(૮)** શબાના ઉર્ફે આશુ ઉર્ફે આશીયાના તે કલીમ શાહ ની પત્ની( ઉ.વ.૩૨ રહે.ઘર નં.૫૨૪૩ અમરીન રેસીડેન્સી, વાઈટ હાઉસની પાછળ, જહાંગીરપુરા પોલીસ સ્ટેશનની પાસે, જહાંગીરપુરા)

**સુરત જિલ્લામાં પૂર બાદ રાહતનો બીજો તબક્કો શરૂ**

# 117 ગામમાં નુકસાનના સર્વે માટે 136 ટીમ મેદાનમાં ઉતારાઈ

**6010** અસરગ્રસ્ત પરિવારોના નુકસાનનું થશે મૂલ્યાંકન

સુરત : સુરત જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા અતિભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ બાદ હવે જિલ્લા વહીવટી તંત્રે રાહત અને બચાવ કામગીરીના આગામી તબક્કા તરીકે નુકસાનના સર્વેની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અસરગ્રસ્ત નાગરિકોને રાજ્ય સરકારના ધોરણો મુજબ ઝડપથી આર્થિક સહાય મળી રહે તે માટે સમગ્ર જિલ્લામાં ૧૧૭ ગામોના અંદાજે ૬,૦૧૦ પરિવારોના નુકસાનનો સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત દ્વારા આ કામગીરી માટે કુલ ૧૩૬ વિશેષ સર્વે ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમો પૂરનું પાણી ઓસરતા જ અસરગ્રસ્ત ગામોમાં પહોંચી મકાનો, ઘરવખરી, ખેતી અને અન્ય થયેલા નુકસાનનું વિગતવાર દસ્તાવેજીકરણ કરી રહી છે. સર્વે પૂર્ણ થયા બાદ નિયત જોગવાઈઓ મુજબ સહાય ચૂકવવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે. જિલ્લામાં સૌથી વધુ અસર માંગરોળ અને ઓલપાડ તાલુકામાં જોવા મળી હોવાથી અહીં સર્વેની કામગીરીને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ ઉપરાંત માંડવી, અરેઠ અને અંબિકા તાલુકાના અસરગ્રસ્ત ગામોમાં પણ સર્વે કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. સર્વેમાં વિલંબ ન થાય તે માટે પૂરથી ઓછી અસરગ્રસ્ત તાલુકાઓમાંથી તલાટી કમ મંત્રીઓ તેમજ અન્ય કર્મચારીઓને માંગરોળ અને ઓલપાડ તાલુકામાં ખાસ ફરજ પર મુકવામાં આવ્યા છે.

માંગરોળ તાલુકામાં મોટા ભાગના વિસ્તારોમાં પાણી ઓસરતા સર્વે કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. જ્યારે ઓલપાડ તાલુકાના કેટલાક ગામોમાં હજુ પાણી ભરાયેલા હોવાથી ત્યાં પાણી ઉતરતાની સાથે જ સર્વે ટીમો તાત્કાલિક કામગીરી શરૂ કરશે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારના નેતૃત્વમાં તથા જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીનાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગો પરસ્પર સંકલન સાથે કામગીરી કરી રહ્યા છે.

# 13 ઓગસ્ટ પછી ગ્રેજ્યુએશન પ્રવેશના દરવાજા બંધ

**10** ઓગસ્ટ સુધી અરજી અને કોલેજની પસંદગી કરવી પડશે

સુરત : ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) દ્વારા પ્રવેશ પ્રક્રિયાની છેલ્લી સમયમર્યાદા જાહેર કરીને 13 ઓગસ્ટ સુધી જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. સાથે જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પછી કોઈ નવો પ્રવેશ રાઉન્ડ કે સમયવધારો આપવામાં આવશે નહીં.

ચાર કેન્દ્રીય રાઉન્ડ પૂર્ણ થયા બાદ રાજ્યભરમાં લાખો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા હતા. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાની જવાબદારી યુનિવર્સિટીઓને સોંપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વધુ તક આપવા માટે સમયમર્યાદામાં વારંવાર વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ હવે 13 ઓગસ્ટને અંતિમ તારીખ તરીકે જાહેર કરવામાં આવી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી હેઠળ અત્યાર સુધીમાં 60,327 વિદ્યાર્થીઓએ વિવિધ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ કન્ફર્મ કર્યો છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. GCAS મુજબ, પૂરક પરીક્ષામાં પાસ થયેલા, નવા નોંધણી કરાવવા ઈચ્છતા અથવા અગાઉ પ્રવેશ ન મેળવી શકેલા વિદ્યાર્થીઓ 10 ઓગસ્ટ સુધી ઓનલાઈન નોંધણી, ફોર્મમાં સુધારા અને કોલેજ પસંદગી કરી શકશે. ત્યારબાદ કોલેજો 13 ઓગસ્ટ સુધી પ્રવેશ ઓફર અને કન્ફર્મેશનની કાર્યવાહી પૂર્ણ કરશે. વિદ્યાર્થીઓએ GCAS ડેશબોર્ડ પર મળેલી ઓફર સ્વીકારીને જરૂરી દસ્તાવેજો અને ફી સાથે સંબંધિત કોલેજમાં હાજર રહેવું ફરજિયાત રહેશે.

ભારે વરસાદને કારણે મુલતવી રાખવામાં આવેલી નર્મદ યુનિવર્સિટીની સ્પોર્ટ્સ ક્વોટાની ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા હવે 3 ઓગસ્ટે યોજાશે. સ્નાતક અને અનુસ્નાતક બંને કોર્સના ઉમેદવારો માટે વેરિફિકેશન એક જ દિવસે હાથ ધરાશે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

**ઓલપાડના અનેક...**

છે. પાણી ઓસરતાં લોકો હવે પોતાના ઘરોમાં પરત ફરી રહ્યા છે અને કાદવ-કીચડની સાફસફાઈમાં લાગી ગયા છે.

કીમ નજીકની અમન પાર્ક સોસાયટીમાં પણ ગતરોજ ઘરોની અંદર ઘૂંટણ સુધી પાણી ભરાયું હતું. પાણી ઓસર્યા બાદ ઘરોમાં કાદવ-કીચડના થર જોવા મળી રહ્યા છે. વાસણો, બેડ, કપડાં તેમજ અન્ય ઘરવખરી પાણીમાં પલળી જતાં પરિવારો માટે જાણે વર્ષોની મહેનત પાણીમાં વહી ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

માર્ગ પર પાણીનું સ્તર વધતા વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓલપાડ-કીમ રાજ્ય ધોરી માર્ગને વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. જેના કારણે કીમ અને ઓલપાડ તરફ અવરજવર કરતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કીમમાં પાણી ઓસરતાં રાહતની આશા જાગી હતી, પરંતુ વડોલી તરફ પાણી વધતાં પૂરનું પાણી એક વિસ્તારથી બીજા વિસ્તારમાં મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. સ્થાનિકોમાં ફરી ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉમરાછી ગામે પૂરગ્રસ્તોની મદદ માટે તંત્ર દ્વારા રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજે SDRF ટીમ સાથે સંકલન કરીને બોટની મદદથી અસરગ્રસ્ત વિસ્તારો સુધી ફૂડ પેકેટ તેમજ પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું હતું.

### પૂરગ્રસ્તોની વહારે આવી જિલ્લા પોલીસ

પૂરગ્રસ્તોની મુશ્કેલીના સમયમાં સુરત જિલ્લા પોલીસ પણ મદદ માટે આગળ આવી હતી. બોલાવ ગામે નાયબ પોલીસ અધિક્ષક બી.કે. વનાર તથા કીમ પોલીસની ટીમ દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને ફૂડ પેકેટ અને પીવાનું પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### બોલાવમાં 100 ઘરોમાં પાણી ઓસર્યા પણ મોટુ નુકસાન

ઓલપાડ તાલુકાના બોલાવ ગામે જૂના હળપતિવાસ, નવા હળપતિવાસ અને આહીરવાસમાં પણ પૂરના પાણી ફરી વળ્યા હતા. 100થી વધુ ઘરોમાં કમર સુધી પાણી ભરાતાં અનેક પરિવારો પ્રભાવિત થયા હતા.

ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીને મોટું નુકસાન થયું છે. પાણી ઓસર્યા બાદ હવે અસરગ્રસ્ત પરિવારો કાદવ-કીચડ સાફ કરી પોતાના ઘરને ફરી રહેવા લાયક બનાવવાની જહેમત ઉઠાવી રહ્યા છે.

**ઉકાઈ ડેમની...**

લેવામાં આવશે.

શુક્રવારે સાંજે 6 વાગ્યે ઉકાઈ ડેમની સપાટી 318.12 ફૂટ હતી. ત્યારબાદ ઉપરવાસમાંથી સતત મોટી માત્રામાં પાણીની આવક થતાં માત્ર બે દિવસમાં જ ડેમની સપાટી વધીને રવિવારે સાંજે 330.94 ફૂટે પહોંચી ગઈ હતી. એટલે કે 48 કલાકમાં 12.82 ફૂટનો વધારો નોંધાયો છે. જ્યારે છેલ્લા 24 કલાકમાં જ ડેમની સપાટી 8.47 ફૂટ વધી હોવાનું નોંધાયું છે. હાલમાં ડેમમાં અંદાજે 2,51,821 ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. આવકનું પ્રમાણ હજુ પણ ઊંચું રહેતાં ડેમના સત્તાધિશોએ હાઈડ્રો પાવર હાઉસ મારફતે 6,456 ક્યૂસેક પાણી છોડીને વીજ ઉત્પાદન શરૂ કર્યું છે. જો આગામી સમયમાં પાણીની આવકમાં વધારો યથાવત રહેશે તો ડિસ્ચાર્જ વધારીને 16 હજાર ક્યૂસેક સુધી લઈ જવાની શક્યતા છે. જોકે આવકમાં ઘટાડો થશે તો હાલની જેમ આશરે 6 હજાર ક્યૂસેક પાણી છોડવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે.

### ઉપરવાસમાં વરસાદ ઘટ્યો, છુટાછવાયા વિસ્તારમાં નોંધાયો

ઉપરવાસમાં વરસાદનું જોર હવે થોડું ઘટ્યું હોવા છતાં વિવિધ વિસ્તારોમાં હજુ પણ વરસાદ નોંધાઈ રહ્યો છે. શિરપુરમાં 14 મીમી, વેલડામાં 15 મીમી, શાહદામાં 32 મીમી, ખેતીયામાં 11 મીમી, સાગબારામાં 32 મીમી, અક્કલકુવામાં 38 મીમી, તલોદામાં 34 મીમી, ઉકાઈમાં 25 મીમી, ચોપડાવામાં 33 મીમી અને કાકડીમ્બામાં 33 મીમી વરસાદ નોંધાયો હતો. તેના કારણે ડેમમાં આવક યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

**48 કલાક બાદ...**

પોલ ખોલી નાખી છે. મીઠી ખાડીની સત્તાવાર ભયજનક સપાટી 9.35 મીટર છે, જ્યારે રવિવારે સવારે તેનું લેવલ માત્ર 8.55 મીટર સુધી પહોંચ્યું હતું. એટલે કે ભયજનક સપાટીથી લગભગ 80 સેન્ટીમીટર નીચે હોવા છતાં કમરૂનગર સહિતના વિસ્તારોમાં કમરડૂબ પાણી ભરાઈ ગયા હતા. તંત્રના અધિકારીઓ જ સ્વીકારે છે કે શહેરની ડ્રેનેજ સિસ્ટમનું લેવલ ખાડી કરતાં નીચું હોવાથી ખાડીનું પાણી 8.30 મીટર આસપાસ પહોંચે એટલે ગટર લાઈનોમાં બેકવોટર શરૂ થઈ જાય છે અને ગટરના ઢાંકણાંમાંથી પાણી ઉભરાઈને સીધું લોકોના ઘરોમાં ઘૂસી જાય છે. પાણી ઉતર્યા બાદ પણ ગંદકી, કચરો અને ગટરનું પાણી યથાવત રહેતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાણીમાં તણાઈને આવેલા કચરા અને ગંદકીના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે. મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે અને હવે મલેરિયા, ડેન્ગ્યુ, તાવ તેમજ પાણીજન્ય રોગચાળાની ભીતિ પણ ઊભી થઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પૂર પછી સફાઈ અને આરોગ્યની કામગીરી પણ અત્યંત ધીમી ગતિએ થઈ રહી છે. લોકોનું કહેવું છે કે દર વર્ષે એકસરખી સ્થિતિ સર્જાય છે, પરંતુ તંત્ર માત્ર બેઠકો, જાહેરાતો અને દાવાઓ સુધી જ સીમિત રહી જાય છે. શહેરમાં વરસાદ બંધ થઈ ગયો હોવા છતાં જો બે દિવસ બાદ પણ લોકો પોતાના ઘરમાંથી બહાર ન નીકળી શકે તો તેને કુદરતી આફત કરતાં વધુ વહીવટી નિષ્ફળતા ગણવી પડે. હવે પ્રશ્ન એ છે કે દર વર્ષે કરોડો રૂપિયાના ડ્રેનેજ અને પૂર નિવારણના કામો પછી પણ જો સુરતના હજારો પરિવારોને એક મહિનામાં ત્રણ-ત્રણ વખત જળકેદ થવું પડે, તો જવાબદારી આખરે કોની?

**CWGની જુડો...**

કિંગડમ (UK) માં યોજાયેલીમાં કોમનવેલ્થ ચેમ્પિયનશિપ કેડેટ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કોમન વેલ્થ ચેમ્પિયનશિપ કેડેટ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતનાર દિક્ષી સેલર પ્રથમ ગુજરાતી જુડો પ્લેયર બની હતી.

જોકે 2022 માં અસ્મિતા ડે ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાં દિક્ષી સેલરને હરાવી હાર જીતનો સ્કોર ટોટલ કર્યો હતો. સુરતની જુડો પ્લેયર દિક્ષી સેલરે એક સમયની પોતાની સાથી ખેલાડી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં 48 કિગ્રા વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનાર અસ્મિતા ડે ને અભિનંદન પાઠવ્યા છે. દિક્ષી સેલર કહે છે કે, અસ્મિતા ડે ગોલ્ડ મેડલ જીતવા માટે હકદાર હતી. 2019 માં ઈન્ડિયન જુડો ટીમના સંભવિત ખેલાડીઓ ભોપાલમાં સ્પૉર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કેમ્પમાં એક મહિના માટે કોચ યશપાલ સરના ઈન્ડિયા ટ્રેનિંગ કેમ્પમાં ભેગા થયા હતા. દિક્ષી સેલર કહે છે કે, અહીં અસ્મિતા ડે સાથે અમે સાથે રહ્યાં હતાં. જુડોમાં ભારતને પ્રથમવાર ગોલ્ડ મેડલ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં 48 કિગ્રા વેઈટ કેટેગરીમાં અસ્મિતા ડે એ અપાવ્યો છે. જુડોની રમતમાં આ એક મોટી ઐતિહાસિક સિદ્ધિ છે. અસ્મિતા ડે ની જુડોની રમત પ્રત્યેની એકાગ્રતા, ટેકનિક અને હારીને જીતવાનો જોમ અને જુસ્સો અદ્ભુત છે. દૂરદર્શનને આપેલા ઈન્ટરવ્યુમાં 2019 થી 2025 સુધી મળેલા પરાજયની વાત અસ્મિતાએ કરી છે. એ પછી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં મળેલી જીત ખૂબ મોટી છે.

દિક્ષી સેલર કહે છે કે, ત્રિપુરાની 23 વર્ષીય અસ્મિતા ડે ખૂબ સામાન્ય ગરીબ પરિવારમાંથી આવે છે. ડે એની માતા સાથે ભાડાના ઘરમાં રહે છે. 2023 માં ઉત્તરપ્રદેશ પોલીસે અસ્મિતા ડે ને સ્પોર્ટ્સ ક્વોટામાં સબ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી આપી આર્થિક બળ પૂરું પાડ્યું છે. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ જીત્યા પછી તેણીની આર્થિક સમસ્યાઓનો ઉકેલ આવી જશે.

સુરતના રાંદેરની વતની જુડો પ્લેયર દિક્ષી સેલર 8 વર્ષથી 22 વર્ષની વય સુધી જુડોમાં ઈન્ટર ડિસ્ટ્રિક્ટ, ઈન્ટર સ્ટેટ, ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી, નેશનલ અને ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ રમી ચૂકી છે. દિક્ષીએ દાળિયા સ્કૂલમાં અભ્યાસ દરમિયાન પપ્પુ નિગમ સર પાસે, ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં વ્રજભૂષણ શર્મા પાસે અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ભોપાલ ઈન્ડિયા કેમ્પમાં યશપાલ સર પાસે કોચિંગ મેળવ્યું હતું. દિક્ષી સેલર કહે છે કે, ઘણા લોકોની સમજ છે કે, જુડોની રમત બાહુબળની રમત છે. પણ એવું નથી. આ રમત સ્ટ્રેન્થ, ટેક્નિક, સ્પીડ એક્સપ્લોઝિવ પાવર અને માઈન્ડ ગેમથી હરીફ ખેલાડીને જમીન પર પાડવાની રમત છે.

**ફ્રેન્ડશીપ ડેના...**

ઘટનાસ્થળે દોડી આવ્યા. પોતાના દીકરાની આ દુર્ઘટનાના સમાચાર સાંભળીને પરિવારજનો આક્રંદ કરી ઉઠ્યા, અને તેમના રુદનથી આખું વાતાવરણ ગમગીન બની ગયું. ઘટના બાદ સ્થાનિક તરવૈયાઓ, વાગરા પોલીસ અને 108 ઈમરજન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બંને યુવકોની શોધખોળ માટે રાહત અને બચાવ કામગીરી ચાલુ કરવામાં આવી છે. પોલીસે તપાસ શરૂ કરી દીધી છે અને સ્થાનિક ડાઈવરોની મદદથી શોધખોળ ચાલી રહી છે.

આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરાવી છે અને ફ્રેન્ડશિપ ડે જેવા આનંદના દિવસે યુવાનોને પાણીમાં સાવધાની રાખવી અત્યંત જરૂરી છે.